# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-08-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. વર્ષ 2025-26 માટે “પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના”ના ગ્રાહકોની સબસિડી યથાવત્ રહેશે
2. આગામી આઠથી 10 સપ્ટેમ્બર સુધી ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર યોજાશે.
3. દેશના સૌથી સલામત શહેરમાં વડોદરા બીજા ક્રમાંકે
4. મોરબીમાં માળિયા સુરજબારી બ્રિજ નજીક સર્જાયેલા અકસ્માતમાં ચાર લોકોના મોત.
5. રાજ્યભરમાં આજથી હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# UJJWALA YOJANA GUJARAT

કેન્દ્ર સરકારે વર્ષ 2025-26 માટે “પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના”ના ગ્રાહકોની નાણાકીય સહાય એટલે કે, સબસિડી યથાવત્ રાખવાની મંજૂરી આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આજે આ નિર્ણય લેવાયો.

નવી દિલ્હીમાં આ અંગે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, આ યોજનાથી 10 કરોડ 33 લાખથી વધુ પરિવારને લાભ પહોંચશે. સરકાર 14 કિલો 200 ગ્રામના રસોઈ ગેસ સિલિન્ડર પર 300 રૂપિયા સુધીની નાણાકીય સહાય આપશે તેમ પણ શ્રી વૈષ્ણવે ઉમેર્યું.

(BYTE: ASHWINI VAISHNAV, UNION MINISTER)

. . . . . . . . . . .

# VIDHANSABHA SATRA

ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર આગામી આઠથી 10 સપ્ટેમ્બર સુધી યોજાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે 15મી વિધાનસભાના સાતમા સત્રનું આહ્વાન કરતા ગુજરાત વિધાનસભાએ સત્ર સંબંધિત જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ કહ્યું, આ સત્ર માટે ધારાસભ્યો આગામી 20 ઑગસ્ટ સુધી પોતાના પ્રશ્નો ઑનલાઈન અને પ્રત્યક્ષ એમ બંને પદ્ધતિથી મોકલી શકશે.

આગામી છ સપ્ટેમ્બરે યોજાનારી કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં વિધાનસભાની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરાશે એમ પણ શ્રી ચૌધરીએ ઉમેર્યું.

(BYTE: SHANKAR CHAUDHARI, CHAIRMAN, GUJARAT ASSEMBLY)

. . . . . . . . . . .

# BAL SURAKSHA KARYA SHALA

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાએ આજે ગાંધીનગરમાં મિશન વાત્સલ્ય હેઠળ બાળ સુરક્ષા વિષયક કાર્યશાળાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, ચાઈલ્ડ વેલફેર કમિટી અને જૂવેનાઈલ જસ્ટિસ બૉર્ડમાં નવ નિમણૂંક પામેલા સભ્યોને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કાર્યનું અભિન્ન અંગ ગણાવ્યું.

કોઈ બાળક સંજોગોવશાત્ ભૂલ કરે અને તે કાયદાના સંઘર્ષમાં આવે છે ત્યારે તેને ન્યાય અપાવવાનું કામ જુવેનાઈલ જસ્ટિસ બૉર્ડનું છે એમ પણ સુશ્રી બાબરિયાએ ઉમેર્યું. તેમણે કહ્યું, આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ બાળ કલ્યાણ સમિતિના સભ્યોમાં બાળ અધિકાર આધારિત અભિગમ અપનાવવો, બાળકો સાથે મૈત્રીપૂર્ણ વાતાવરણ કેળવી તેમના પ્રત્યે સંવેદનશીલતા તથા સુરક્ષાના વિષયો પ્રત્યે ચેતના લાવવાનો છે.

. . . . . . . . . . .

# AMDAVAD URBAN FOREST PARK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના દક્ષિણ ઝૉનના લાંભા વૉર્ડમાં અર્બન ફૉરેસ્ટ પાર્કનું લોકાર્પણ કર્યું. ચાર હજાર 464 ચોરસ મીટરમાં 55 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા આ પાર્કનો જાહેર ખાનગી ભાગીદારી- P.P.P. ધોરણે વિકાસ કરાશે. શ્રી પટેલે પાર્કમાં ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાનું પણ અનાવરણ કર્યું.

. . . . . . . . . . .

# VADODARA SAFE CITY

દેશના સૌથી સલામત શહેરમાં વડોદરાનું સ્થાન ટોચ પર રહ્યું છે. નુમ્બેઓ સેફ્ટી ઇન્ડેક્સ બાય સિટી-2025 દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આ અહેવાલમાં દેશના સૌથી સલામત શહેર તરીકે  મેંગ્લોર બાદ વડોદરા બીજા, અમદાવાદ ત્રીજા અને સુરત ચોથા ક્રમાંકે છે.

આ અહેવાલમાં પોલીસની હાજરી, ગુનાહિત પ્રવૃત્તિઓમાં ઘટાડો, રાત્રે બહાર નીકળવામાં નાગરિકોની નિર્ભયતા, ટ્રાફિક વ્યવસ્થા અને મહિલા સુરક્ષા જેવા માપદંડને આધારે ક્રમાંક અપાયો છે. શહેરના નાગરિકોએ શહેરમાં રહેતા સમયે પોતાને વધુ સલામત અને વિશ્વાસભર્યું અનુભવ્યું છે.

. . . . . . . . . . .

# RAKSHAABANDHAN

રક્ષાબંધન પર્વને લઇ રાજ્યભરની બજારોમાં વિવિધ પ્રકારની રાખડીઓની ખરીદી માટે લોકોની ભીડ જામી છે.

ખેડામાં નડિયાદ શહેરના સંતરામ રોડ, ડુમરાલ બજાર, ડભાણ ભાગોળ વગેરે વિસ્તારમાં અવનવી રાખડીઓની હાટડી શરૂ થઇ છે.

તો સાબરકાંઠામાં બાળકો માટે કાર્ટુનવાળી રાખડીઓમાં લાઈટવાળી, સહિતની રાખડીઓની માગ વધી છે.

દરમિયાન રક્ષાબંધન નિમિત્તે અમદાવાદ, મહેસાણા અને સુરેન્દ્રનગરમાં બહેનો વિનામૂલ્યે સિટી બસમાં મુસાફરી કરી શકશે.

બીજી તરફ બનાસકાંઠાના ચડોતર ગામમાં 200 વર્ષ જૂની પરંપરા મુજબ એક દિવસ અગાઉ આજે રક્ષાબંધનની ઉજવણી થઇ. આ પ્રથા અંગે સ્થાનિક મહેન્દ્ર પટેલે વધુ માહિતી આપી....

(બાઇટ –મહેન્દ્રભાઇ પટેલ –ગ્રામવાસી)

તો ભાવનગરમાં ફેશન ડિઝાઇનિંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ દ્વારા વિવિધ પ્રકારની રાખડીઓની કાર્યશાળા યોજાઇ. તેમજ તળાજામાં દિવ્યાંગ બાળકોના કેન્દ્ર ખાતે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી.

બોટાદની એક શાળામાં રક્ષાબંધનની ઉજવણી દરમિયાન ભાઈઓએ વ્યસનથી દૂર રહેવા અને હેલમેટ પહેરીને વાહન ચલાવવાનું બહેનોને વચન આપ્યું.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube

ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# MORBI ACCIDENT

મોરબીમાં માળિયા સુરજબારી બ્રિજ નજીક સર્જાયેલા અકસ્માતમાં ચાર લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે, ડિવાઈડર સાથે અથડાઈને ટ્રક સામેના માર્ગ પર પલટી ગયો હતો. તેની સાથે અથડામણ ટાળવા અન્ય ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

કારમાં છ બાળક સહિત કુલ સાત લોકો સવાર હતા. તેમાંથી બે બાળક સહિત ચાર લોકોના મોત થયા છે. આ અંગે જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક એચ. એસ. સારડાએ વધુ માહિતી આપી.

(BYTE: H.S. SARDA, DySP, MORBI DISTRICT)

. . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે રાજ્યમાં આગામી 15થી 21 ઑગસ્ટ વચ્ચે વરસાદનું જોર વધે તેવી આગાહી કરી છે. જ્યારે આગામી સાત દિવસ રાજ્યમાં છૂટાછવાયા સ્થળ પર સામાન્ય વરસાદની સંભાવના છે. તો માછીમારોને આગામી 12 ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા વિભાગે સૂચના આપી છે.

બીજી તરફ, રાજ્યમાં વરસાદનું જોર ઘટતા આજે સાંજે ચાર વાગ્યા સુધીમાં માત્ર આઠ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. આ સાથે જ રાજ્યમાં મહત્તમ તાપમાન સરેરાશ 35 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે.

. . . . . . . . . .

# HAR GHAR TIRANGA-DISTRICT

દેશભરમાં આજથી શરૂ થયેલા હર ઘર તિરંગા અભિયાનને સફળ બનાવવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરના કમલમ ખાતે બેઠક યોજાઈ. બેઠકમા રાજ્યના 580 મંડળ અને 51 હજાર બુથ સુધી યોજાનારી ત્રિરંગા યાત્રા અંગેની કાર્યશાળા પણ યોજાઇ. ભાજપના સાંસદ વી ડી શર્માએ આ બેઠક અંગે વધુ માહિતી આપી..

**(BYTE- V.D.SHARMA)**

'હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા' અંતર્ગત ગાંધીનગરના સેક્ટર 15 કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ ઘરે ઘરે ત્રિરંગો લહેરાવા લોકોને અનુરોધ કર્યો.

દીવ જિલ્લાની લક્ષ્મીબાઈ, મહારાણા પ્રતાપ અને વણાકબારા ગ્રામ પંચાયત દ્વારા હર ઘર તિરંગા હેઠળ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ, અને જળ જીવન મિશન અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાયા.

કચ્છની શાળાઓમાં પણ આ અભિયાનના ભાગરૂપે રંગોળી, પ્રશ્નોત્તરી અને પત્ર-લેખન સ્પર્ધા દ્વારા બાળકોમાં રાષ્ટ્રભક્તિ અને સ્વચ્છતા જાળવવાની ભાવના ઉજાગર કરવામાં આવી.

ગીર સોમનાથ જિલ્લામાં “હર ઘર તિરંગા” અભિયાન અંતર્ગત સૂત્રાપાડા સહિતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ભીંત ચિત્ર કરાયા. તો સાબરકાંઠાની શાળાઓમાં રંગોળી અને ચિત્ર સ્પર્ધા યોજાઇ.

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં આ અભિયાન હેઠળ પ્રશ્નોતરી સ્પર્ધા સહિત વિવિધ કાર્યક્રમ યોજાયા.

. . . . . . . . . . .

## Sanskrut Saptaah

રાજ્યભરમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાયા. દરમિયાન ડાંગના આહવાની સરકારી માધ્યમિક શાળામાં "સંભાષણ દિવસ ઉજવાયો, જેમાં અધ્યાપકો અને આચાર્ય દ્વારા ભારતની સંસ્કૃતિની ધરોહર જાળવી રાખવા બાળકોને આહ્વાન કરાયું.

જ્યારે છોટાઉદેપુરમાં ત્રીજા દિવસે “સંસ્કૃત સાહિત્ય દિવસ” નિમિત્તે બોડેલી ખાતે કલેકટરની અધ્યક્ષતામાં સંસ્કૃત સાહિત્ય સભા અને સંસ્કૃત પ્રદર્શન કાર્યક્રમ યોજાયો.

. . . . . . . . . .

## TARNETAR MELO

સુરેન્દ્રનગરના થાનગઢ તાલુકામાં પ્રખ્યાત તરણેતરના લોકમેળામાં 26થી 28 ઑગસ્ટ સુધી “20-મી ગ્રામીણ ઑલિમ્પિક” યોજાશે. આ ત્રણ દિવસની સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા રમતવીરો આગામી 20 ઑગસ્ટ સુધી અરજી કરી શકશે. રમતવીરોએ પોતાની અરજી લીંબડીમાં જિલ્લા રમત વિકાસ અધિકારીને મોકલવાની રહેશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ગ્રામીણ ઑલિમ્પિકમાં પહેલા દિવસે 16 વર્ષની વય સુધીના ભાઈઓ અને બહેનો માટે 100, 200 અને 800 મીટર દોડ તથા લાંબી કૂદની રમત યોજાશે. જ્યારે ઑપન શ્રેણીના ભાઈઓ અને બહેનો માટે 100, 400 અને 800 મીટર દોડ, ગોળાફેંક, લાંબી કૂદ 4x10 મીટર રિલે જોડ અને 12 વર્ષના બાળકો માટે લંગડીની સ્પર્ધા યોજાશે.

. . . . . . . . . . .

## UTTRAKHAND GUJARAT YATRI

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ભારે વરસાદના કારણે સર્જાયેલી સ્થિતિમાં રાજ્યના તમામ યાત્રિકો સલામત છે. ઉત્તરાખંડમાં રાજ્યના એક પ્રવાસી સોદાભાઈએ પોતાનો અનુભવ જણાવતા કહ્યું, તેઓ ભૈરવકોટ પહોંચ્યા ત્યારે આ સ્થિતિ સર્જાતા પોલીસે તેમને ત્યાં જ રહેવાની સલાહ આપી. દરમિયાન વહીવટી તંત્ર દ્વારા ખોરાક અને પાણી જેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી.

. . . . . . . . . . .